ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૨૯૭૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૬/૦૧/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત.

વિષય:- બાયસેગના માધ્યમથી પ્રસારિત થતા NEETના કાર્યક્રમો અંગે માન. મંત્રીશ્રી, શિક્ષણના વક્તવ્ય બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડિકલ વિદ્યાશાખામાં પ્રવેશ માટે NEETની પરીક્ષા માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.12/10/2017 થી બાયસેગના માધ્યમથી "વંદે ગુજરાત" ચેનલ નંબર-૧૨ પરથી NEETના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન આપવા માન. મંત્રીશ્રી, શિક્ષણએ અનુમતિ આપેલ છે આથી તા.25/01/2018 ના રોજ સવારે 11:00 કલાકે બાયસેગના માધ્યમથી માન. મંત્રીશ્રી માર્ગદર્શન આપનાર છે. ઉક્ત કાર્યક્રમનું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નંબર-૧૨ પરથી થનાર છે. વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉક્ત કાર્યક્રમ નિહાળે તે અંગે જરૂરી સૂચના આપના તાબાની શાળાઓને આપવા વિનંતી છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પણ ઇચ્છે તો આ પ્રસારણ નિહાળી શકશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રસારણ નિહાળેલ છે તેની વિગતો ઈ-મેલ દ્વારા sansodhan.gseb@gmail.com પર મોકલી આપશો

(આર. આઈ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

F:\HK\BISAG.HK\Patr\BISAG મંત્રીશ્રી નું વક્તવ્ય ૨૫-૧-૨૦૧૮.docx

ક્રમાંક: માવિ.ક/NEET/૨૦૨૮/૯૬૧૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૧૯/૦૨/૨૦૨૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ (વિ.પ્રવાહ)
ઉ.મા. શાળાઓ તમામ

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરી આપની શાળામાંથી NEET ના કાર્યક્રમને કેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ નિહાળેલ છે. તેની વિગતો નીચે મુજબના નિયત પત્રકમાં તા. ૨૫/૦૨/૨૦૨૮ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં bnsdeo@gmail.com પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

| શાળાનું નામ | ગામનું નામ | તાલુકાનું નામ | કાર્યક્રમ નિહાળેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | કાર્યક્રમ નિહાળેલ કુલ શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.